# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : હું ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરું છું. મને ફાર્મસી અભ્યાસક્રમ વિશે માહિતી આપશો.**

**- સુનીલ કૌશિકભાઇ પટેલ**

ગુજરાત રાજ્યમાં આવેલી સરકારી, ગ્રાન્ટ ઈન-એઈડ તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં ફાર્મસી અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

- **ફાર્મસી અભ્યાસક્રમો બે પ્રકારના છે.**

(૧) ડી.ફાર્મ : ડિપ્લોમા ઈન ફાર્મસી

(૨) બી.ફાર્મ : બેચલર ઈન ફાર્મસી

- **અભ્યાસક્રમની મુદત :**

ડી.ફાર્મ : ડિપ્લોમા ઈન ફાર્મસીનો સમયગાળો ૨ વર્ષ

બી.ફાર્મ : બેચલર ઈન ફાર્મસી નો સમયગાળો ૪ વર્ષ

- **પ્રવેશ માટે યોગ્યતા**

(૧) ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ - GSEB

(૨) સેન્ટ્રલ બોર્ડ - CBSC

(૩) ઈન્ડિયન સ્કૂલ સર્ટીફાઈડ એજ્યુકેશન બોર્ડ - ISCE

(૪) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલ - NIOS

(૫) ઈન્ટર નેશનલ સ્કૂલ બોર્ડ - ISB

- ઉપરોક્ત બોર્ડની શાળા ગુજરાત રાજ્યમાં આવેલ હોય અને તે શાળામાંથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ A અથવા B અથવા AB ગ્રૂપ સાથે પાસ કરેલ હોવી જોઈએ.
- જે વર્ષમાં પ્રવેશ મેળવવો હોય તે વર્ષમાં GUJCET / NEET / JEE (MAIN) ની પરીક્ષા આપેલી હોવી જોઈએ.
- જે વિદ્યાર્થીઓના વાલીઓ ગુજરાતના જ હોય પણ તે બીજા રાજ્યમાં રહેતા હોય તો તેમના સંતાનોએ જે - તે રાજ્યની શાળામાંથી AICTE એ સૂચવેલ વિષયોમાં લઘુત્તમ ગુણ સાથે ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા પાસ હોય અને JEE( (MAIN ) / GUJCET / NEETમાંથી કોઈપણ એક પરીક્ષા આપેલી હોયતો તે વિધાર્થીઓ ફાર્મસીમાં પ્રવેશ માટે પાત્ર છે.

- **અમાનત સીટ**

(૧) એસ.સી ઉમેદવારો માટે : ૭ %

(૨) એસ.ટી ઉમેદવારો માટે : ૧૫ %

(૩) સામાજિક અને શૈ.પછાત ઉમેદવારો માટે : ૨૭ %

(૪) આર્થિક રીતે પછાત ઉમેદવારો માટે : ૧૦ %

શારીરિક વિકલાંગો માટે ઉપરોક્ત દરેક કેટેગરીમાં ૫ %

- **ગુણાંકન**

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ ઉમેદવારોના રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન / ગણિતશાસ્ત્રની થિયરીમાં મેળવેલ ગુણના ૬૦ ટકા તથા GUJCETમાં મેળવેલ ગુણના ૪૦ ટકા પ્રમાણે ગુણાંકન યાદી તૈયાર થાય છે.

- **પ્રવેશ નોંધણી :**

પ્રવેશ સમિતિએ નિર્ધારિત કરેલ સમય મર્યાદામાં ઓન - લાઈન અરજી www.gujacpc.nic.in વેબસાઈટ ઉપર ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

- ગુજરાતમાં આવેલ સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાયનાન્સ ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટેની સમિતિનું સરનામું :

એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ(ACPC),
એલ.ડી.કોલેજ ઓફ એન્જિનિયરીંગ કેમ્પસ,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૫.

વધુ વિગતો તેમજ અંતિમ માહિતી માટે એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ACPC) સમિતિની વેબસાઈટ www.gujacpc.nic.in જોવા વિનંતી છે.

---

**પ્રશ્ન : મને જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા લેવામાં આવતી તલાટી કમ મંત્રી (ગ્રામ પંચાયત મંત્રી)ની પરીક્ષા વિષેની માહિતી આપવા વિનંતી.**

**- શર્મા હિતાક્ષી વી.**

જે તે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા પંચાયત સેવાની તલાટી કમ મંત્રી (ગ્રામ પંચાયત મંત્રી) વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યા પર સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

**● વય મર્યાદા :**

સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૧૮ વર્ષથી ઓછીં નહિં અને ૩૩ વર્ષથી વધુ નહિં. મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે વય મર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

**● શૈક્ષણિક લાયકાત :**

માધ્યમિક અને/ અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે.

ગુજરાત મૂલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

**● પરીક્ષા પદ્ધતિ :**

સદર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી નિયમ મુજબ ફક્ત ૧ (એક) પ્રશ્નપત્ર નીચે મુજબ રહેશે.

પ્રશ્નપત્ર : હેતુલક્ષી
સમય : ૧ કલાક
કુલ ગુણ : ૧૦૦

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ગુજરાતી ભાષા અને વ્યાકરણ | ૩૫ |
| ૨ | ગણિત શાસ્ત્ર | ૧૫ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૫ |
| ૪ | સામાન્ય જ્ઞાન | ૩૫ |
| | કુલ | ૧૦૦ |

આ પરીક્ષા O.M.R. પદ્ધતિ દ્વારા લેવામાં આવે છે. નેગેટિવ માર્કિંગ લાગુ પડશે. પ્રત્યેક ખોટા જવાબદીઠ -૦.૩ અને પ્રત્યેક ખાલી છોડેલા જવાબ દીઠ -૦.૪ માર્ક રહેશે.

એક કરતા વધુ વિકલ્પો શાૅવેલા હોય કે છેકછાક કરેલી હોય તેવા પ્રત્યેક જવાબદીઠ -૦.૬ માર્ક રહેશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહિં.

**● પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પ્રક્રિયા :**

આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારે મેળવેલા ગુણ અને ઓનલાઇન અરજીમાં દર્શાવેલી વિગતોને આધારે તમામ ઉમેદવારોનું મેરિટ લિસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરી વાઇઝ મેરિટ ક્રમાનુસાર આ સંવર્ગનું પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે તેમજ કેટેગરી વાઇઝ મેરિટ આધારે તૈયાર થયેલા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટમાં સ્થાન પામેલા ઉમેદવારોને સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ-નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૭-૦૪-૧૨ના નોટિફિકેશન મુજબ પ્રમાણપત્ર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે નિમણૂક મેળવવાને પાત્ર જણાયેલા ઉમેદવારોની આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે.

નોંધ : આ માહિતી માત્ર દિશાસૂચન માટે છે. તેમાં લાયકાતના ધારા ધોરણો સમિતિ દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ થતી જાહેરાત મુજબ રહેશે તેથી આ માહિતી અંતિમ ગણવામાં ન આવે.

**● સરનામું :**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
બ્લોક નં. ૮, ત્રીજો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર
વેબસાઇટ : https://panchayat.gujarat.gov.in/gu/home

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧